જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૧૯ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૮૨/૧૯**

# હત્યાના મુખ્ય સુત્રધારની અટકાયત ની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

### વટવાના લુંટના ઈરાદે થયેલ હત્યાના મુખ્ય સુત્રધાર ની ધરપકડ કરતી વટવા પોલીસ

વટવા પોલીસ સ્ટેશન ખાતે ગત તારીખ ૩૧/૧૦/૨૦૧૯ ના રોજ નોંધાયેલ ફાયરિંગ વિથ મર્ડરની ફરિયાદના કામે હકિકત એવી છે કે આ કામના ફરિયાદી બુધ્ધારામ સ/ઓ પકકારામજી હક્કારામજી ચૌધરી ઉ.વ.-૨૪ રહે-દુકાન નં-૦૨ મહાલક્ષ્મી ડેરી આશાપુરા રેસીડન્સી મહાલક્ષ્મી તળાવનીપાસે વટવા અમદાવાદ શહેર તથા મુળગામ-જીવનકલા તા-દેસુરી થાના-રાણી જી-પાલી (રાજસ્થાન) નાઓના ફોઈના દિકરા દિનેશકુમાર માલારામ ચૌધરી ઉ.વ.-૨૮ રહે- સત્યમ સાગર સોસાયટી ગલી નં-૦૪ બચુભાઇના કુવા પાસે વટવા અમદાવાદ શહેર મુળા ગામ-ભાદરલાવ તા-દેસુરી થાના-રાણીજી-પાલી (રાજસ્થાન) નાઓને પોતાની વટવા ખાતેની આશપુરી રેસીડેન્સી ની દુકાન નં.૧૫ મહાલક્ષ્મી પ્રોવિઝન સ્ટોર માં રાત્રિના અગિયારેક વાગ્યાના પહેલા કોઈપણ સમયે અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ગરદરનના ભાગે ગોળી મારી મોત નિપજાવી નાસી ગયેલ હોય. જે કામે વટવા પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુરનં. ૧૨૫/૨૦૧૯ ધી ઈપીકો કલમ- ૩૦૨,૧૧૪, ૧૨૦બી તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી,એ, તથા ૨૭ તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ.

ફાયરિંગ વિથ મર્ડરનો ગુનો ગંભીર પ્રકારનો અતિસંવેદનશીલ હોય તાત્કાલિક ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવેલ જેથી પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ અમદાવાદ શહેરનાઓ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી નિપુણા તોરવણે સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી બિપીન અહિરે સાહેબ ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા સાહેબ 'જે'ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા અને સતત માર્ગદર્શન હેઠળ જુદી જુદી ચાર ટીમો બનાવી તેમજ CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ, શંકાસ્પદ ઈસમોની પુછપરછ, ટેકનીકલ વર્ક આઉટની કામગીરી સોપવામાં આવેલ. જેમાં અગાઉ મુળ ઉત્તરપ્રદેશ ના બે આરોપીઓ (૧) નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા રહે- મ.ન-૮૧, વલ્લભપાર્ક ટેનામેન્ટ, વટવા અમદાવાદ શહેર તથા મૂળવતન ગામ-

પરસુ થાના-સાહેલ જી.-ઓરૈયા યુ.પી. તથા (૨) મનીષભાઈ મહેશભાઈ શર્મા ઉવ.૨૬ રહે- ડી/૨૦૨ દેવમાણેક રેસીડન્સી વટવા સ્મશાનની બાજુમાં કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા મુળવતન- ગામ- મઈબટ્રેશ્વર થાના-બટ્રેશ્વર તા.જીલ્લો-આગ્રા ઉત્તરપ્રદેશતથા (૩) શ્રવણ સ/ઓ બંશીલાલ પુર્ખારામ જાતે-જોષી ઉવ.૨૯ રહે- ૪૨૯, લક્ષ્મીનગર કકુરજી તુરષાજીના મકાનમાં, રંગોલીનગર નારોલ, અમદાવાદ મુળવતન- ગામ-મોરસીમ, થાના, તહેસીલ- બાગોડા, જી.જાલોરા રાજસ્થાન ખાતે નાઓને આ ગુનામાં ઝડપી લીધેલ અને પકડવાના બાકી મુખ્ય આરોપી દયાલસિંગ મનોહરસિંગ રાજપુત ને પકડવા માટે હ્યુમન સોર્સ દ્વારા તપાસ કરતા આરોપીરાજસ્થાનના ઉદેપુરની પ્રતાપનગર જેલમાં હોવાનું જાણવા મળતા આરોપી દયાલસિંગને ટ્રાન્સફર વોરંટ આધારે લાવવા તજવીજ કરતા પો.સ.ઈ શ્રી વી.એમ.સાટીયા નાઓની એક ટીમ બનાવી રાજસ્થાનના ઉદેપુર ખાતે થી તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ આરોપીને લાવી રજુ કરતા આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે-રાજપુત ઉવ.૨૪ રહે- સાલવા ખુર્દ, તહેસીલ થાના- પીપાડશહેર, જીલ્લો-જોધપુર, રાજસ્થાન રાજ્ય નાઓને તા.૦૬/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે આ કુખ્યાત આરોપીદયાલસિંગ આંતર રાજ્ય ગેંગ લોરેંન્સ બિશ્નોઈ નો સભ્ય હોવાનું માલુમ પડેલ છે.અને આરોપી વિરુદ્ધ રાજસ્થાનમાં બેંક લુંટ તથા ચોરી તથા આર્મ્સ એક્ટ તેમજ અન્ય અલગ અલગ પ્રકારના ૧૬ થી વધુ ગુનાઓ દાખલ થયેલ છે અને અમદાવાદ શહેર તથા ગુજરાત રાજ્યમાં અન્ય ગુનાઓ કરેલ છે કે કેમ?ગુજરાતમાં કોઈ ગેંગ સક્રિય છે કે કેમ ?અને જો કોઈ ગેંગ સક્રિય હોય તો તેના સભ્યો કોણ કોણ છે? અને તેઓએ આ ગુના સિવાય અન્ય કોઈ ગુનાને અંજામ આપેલ છે કેમ ?વિગેરે તેઓની વધુ પુછપરછ ચાલુ છે.

મુખ્ય આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે-રાજપુત વિરૂધ્ધ રાજસ્થાનમાં (1)155/2015IPC-379 (2) 221/2014 IPC-379 (3) 191/2012 IPC-379 (4)208/2012 IPC-379 (5) 67/2013 IPC-379 (6) 202/2014 IPC-379 (7) 301/2014 IPC-379 (8) 58/13 IPC-379 (9) 209/2014 IPC-379 (10) 01/2018 IPC-457,380 (11) 138/2018 IPC-457,380 (12) 115/2018 IPC-457,380 (13) 181/2018 IPC-457,380 (14) 170/2018 IPC-457,380 (15) 121/2018 IPC-457,380 (16) 105/2018 IPC-342,376,Pocso act-3(1)(r)(s)3(2)(va) sc/st Actમુજબના તથા લુંટ તેમજ આર્મ્સ એક્ટના અન્ય ગુનાઓ દાખલ થયેલ છે.



# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સી.આર.જાદવ પો.ઇન્સ. નાઓના માર્ગદર્શન હેઠળ **બંટી ખીમદાસ પરમાર ઉ.વ.૪૦ રહે- સંતોષીનગરના છાપરા,કુબેરનગર,સરદારનગર,અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૨/૨૦૧૯ તા.૬/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૦૬/૧૨/૧૯ ના કલાક ૨૧/૪૫ વાગે પાસા અટકાયત કરી "પાસા" હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયત મા મોકલી આપેલ છે.

| | |
|---|---|
| **પાસા અટકાયતીનુ નામ-** બંટી ખીમદાસ પરમાર ઉ.વ.૪૦ રહે- સંતોષીનગરના છાપરા, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર |  |

**કામગીરી કરનાર કર્મચારી-** (૧) **અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭**
(૨) **અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧**
(3) **અ.હે.કો.અનિલ બાલકુષ્ણ બ.નં.૩૯૧૭**
(૪) **અ.હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.નં.૯૩૬૫**

## <u>પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ-જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સી.આર.જાદવ પો.ઇન્સ. નાઓના માર્ગદર્શન હેઠળ **અરૂણાબેન કનુભાઇ ઠાકુર ઉ.વ.૬૦ રહે- ઠાકોરવાસ,"જી" વોર્ડ પાસે,કુબેરનગર,સરદારનગર,અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૩/૨૦૧૯ તા.૦૬/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા.૦૬/૧૨/૧૯ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે. તા.૦૬/૧૨/૨૦૧૯

પાસા અટકાયતીનુ નામ- **અરૂણાબેન કનુભાઇ ઠાકુર ઉ.વ.૬૦ રહે- ઠાકોરવાસ,"જી" વોર્ડ કુબેરનગર, સરદારનગર, અમદાવાદ**

**કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭**
**(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧**
**(3) અ.હે.કો.અનિલ બાલકૃષ્ણ બ.નં.૩૯૧૭**
**(૪) અ.હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.નં.૯૩૬૫**



# <u>પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ  શહેર  તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સી.આર.જાદવ પો.ઇન્સ. નાઓના માર્ગદર્શન હેઠળ **હીનાબેન રાઘલભાઇ તુલશીદાસ મુલચંદાણી  ઉ.વ.૩૦ રહે- મ.નં.૧૦૪, રાજેશ દુધઘરની સામે,કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર**  વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૭૬/ ૨૦૧૯ તા-૦૬/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૦૬/૧૨/૧૯ ના કલાક - ૨૧/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ  છે. તા- ૦૬/૧૨/૨૦૧૯

**પાસા અટકાયતીનુ નામ-** હીનાબેન રાઘલભાઇ તુલશીદાસ મુલચંદાણી  ઉ.વ.૩૦ રહે- મ.નં.૧૦૪, રાજેશ દુધઘરની સામે, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર

**કામગીરી કરનાર કર્મચારી-  (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭**
**(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧**
**(૩) અ.હે.કો.અનિલ બાલકૃષ્ણ બ.નં.૩૯૧૭**
**(૪) અ.હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.નં.૯૩૬૫**

**નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૮૭ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.**



## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :

### પ્રોહીબિશન ગુનાઓ આચરતા ઇસમોને અટક કરી પાસા અટકાયતમા મોકલતી સોલા હાઇકોર્ટ પોલીસ.

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેર સલામતી અને વ્યવસ્થાને બાધકરૂપ બનતા અને પ્રોહીબિશન સબંધી ગુના આચરવાની ટેવવાળી વ્યકતીઓ સમાજને ખતરારૂપ હોય આવા ઇસમો વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા મળેલ હુકમ આધારે અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃતી સાથે સંકળાયેલ નીચે જણાવેલ વ્યકતીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ વિગતવારની અલગ અલગ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ સાદર કરતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ નીચે જણાવેલ વ્યકતીઓને પાસા અટકાયતમા લેવાનો હુકમ કરેલ હોય પરંતુ પોતાની પાસા અટકાયત ટાળવા સારૂ આ વ્યકતીઓ નાસતા ફરતા હોય સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સોલા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ જે.જે.રાણા તથા વુ.અ.હેડ.કોન્સ. અલ્પનાબેન બચુભાઈ તથા સ્ટાફના માણસોએ બાતમી હકીકત આધારે સદર પાસા અટકાયતીને પકડી પાડી તેઓને થયેલ પાસા અટકાયત હુકમ મુજબ બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા તથા મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**પાસા અટકાયતી:**

(૧) અંબાબેન બાબુજી બબાજી ઠાકોર, રહે. ઈન્દીરા વસાહત શ્યામવીલા બેંગ્લોની સામે, સોલા ગામ અમદાવાદ શહેર (મધ્યસ્થ જેલ વડોદરા)

(૨) મનોજ પરષોતમભાઇ સુદરા ઉવ.૪૨ રહે, ૪૨ રત્નાપાર્ક સોસાયટી પ્રભાત ચોક ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળ વતન રમણવાડા તા.માંગરોળ જી.જુનાગઢ

*આ કામગીરીમા સુપરવીઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. જે.જે.રાણા તથા વુ.અ.હે.કો. અલ્પનાબેન બચુભાઈ તથા સ્ટાફના માણસો નોકરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.*





## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૭.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશન ની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૧ ,મિલ્કત સંબધી- ૧, પ્રોહીબીશન- ૪ મળી કુલ્લે ૬ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી આ ઇસમોને રાજયની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાન્ચ :**

## આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોન ઝુંટવી ગુના કરવાવાળા બે આરોપીને ગુનો કરી મેળવેલ ૧૨ મોબાઇલ ફોનો અને ગુનો કરવામાં ઉપયોગમાં લીધેલ એકસેસ સાથે પકડી ૪ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણા સમયથી આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોનો ઝુંટવી ભાગી જઇ મોબાઇલ સ્નેચીંગ થવાના ગુનાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી આશીષ  ભાટીયા, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તથા શ્રી અજય તોમર,ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અને શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને સ્કોડના માણસો તા.૦૭/૧૨/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ. નારસિંહ મલુસિંહ તથા હે.કો.શૈલેન્દ્રસિંહ લાલસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી (૧) ચાંદમીયાં ઉર્ફે ગાંડા S/O પરવેઝમીયાં ગુલામનબી મલેક ઉ.વ.૨૮ રહે. ૨૧, જીન્નત ડુપ્લેક્ષ, કેનાલ પાછળ, અંબર ટાવર, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ શહેર મુળ ગામ રાધનપુર, ખાડીવાસ, જિ.પાટણ તથા (૨) આફતાબ ઉર્ફે અલતાફ ઉર્ફે કાલુ સ/ઓ આમીરઅલી સાગીરઅલી સૈયદ ઉ.વ.૧૮ રહે. ચંડોળા તળાવના છાપરા, બી ગલી, શાહઆલમ, ઈસનપુર, અમદાવાદ શહેર  નાઓને ઈદગાહ સર્કલ ખાતેથી પકડી લીધેલ અને તેઓની પાસેથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન કુલ નંગ-૧૨ કિં.રૂ.૫૯૦૦૦/- ની મત્તાના તથા એક્સેસ કિં.રૂ. ૫૦,૦૦૦/- ની મત્તાનું મત્તાનું મળી કુલ રુપિયા ૧,૦૯,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ છે.

### પકડાયેલ ઇસમોનો ગુનાહીત પુર્વ ઇતીહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી ચાંદમીયાં ઉર્ફે ગાંડા પરવેઝમીયાં મલેક નાનો મોબાઈલ ચોરીના ગુનામાં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે..

### ૪ ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ ઇસમોની પુછપરછ કરતા તેઓએ નીચે મુજબના ગુનાઓ આચરેલ છે.

(૧) આજથી આશરે એકાદ માસ અગાઉ સાંજના સમયે ઓઢવ વેપારી મહામંડળ મેઈન રોડ પરથી એક ભાઈ પસાર થતા હતા તેઓના હાથમાંથી એક VIVO કંપનીનો બ્લેક તથા ગોલ્ડન કલરનો 1726 મોડલનો મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. અને જે અંગે ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૮૪/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૨) આજથી આશરે દશેક દિવસ અગાઉ સાંજના સમયે એક ભાઇ ઓટોરિક્ષામાં બેસીને જતા હતા તે વખતે રીંગરોડ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસેથી સદર ભાઇના હાથમાંથી એક સિલ્વર કલરનો TECNO કંપનીનો ID3K મોડલનો મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. જે અંગે ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૮૬/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ છે

(૩) આજથી આશરે દશેક દિવસ અગાઉ સાંજના સમયે નારોલ આર.વી.ડેનીયમ સામેથી એક બહેન ઓટોરિક્ષામાં બેસીને જતાં હતાં ત્યારે તેઓના હાથમાંથી OPPO કંપનીનો ડાર્ક જાંબલી કલરનો A35 મોડલનો મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. જે અંગે નારોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૨૧/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૪) આજથી આશરે દશેક દિવસ અગાઉ સાંજના સમયે પીપળજ પીરાણા રોડ ઉપર નુર મસ્જિદની સામેથી એક ભાઈ ઓટોરિક્ષામાં બેસીને જતા હતા તેઓના હાથમાંથી MI કંપનીનો Redmi note 5Pro મોડલનો મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. જે અંગે નારોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૨૨/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ છે

**<u>શોધાયેલ ગુન્હા</u>**

(૧) ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૮૪/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૨) ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૮૬/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૩) નારોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૨૧/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૪) નારોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૨૨/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩) મુજબ

## <u>પકડાયેલ આરોપીઓની એમ.ઓ.</u>

પકડાયેલ ઇસમો પોતાના મોજ શોખ પુરા કરવા માટે પૈસાની જરૂર હોય અને મોબાઇલ સ્નેચીંગ કરી મળેલ મોબાઇલ ફોનો વેંચી પૈસા મેળવવાનુ વિચારી તેઓ ટુ વ્હીલર વાહનો ઉપર ફરતા અને કોઇ એકલ દોકલ વ્યકતી મોબાઇલ ફોન પર વાતચીત કરતી જણાય તો ચાલુ વાહને તેની નજીક જઇ તેમની પાસેનો મોબાઇલ ફોન આંચકી ભાગી જતા હતા. તેમજ પોતે ગુનો કરતી વખતે પહેરેલ કપડા ગુનો કર્યા બાદ બદલી ડેકીમાં રાખેલ બીજા કપડા પહેરી લેતા હતા.

આ પકડાયેલ આરોપીઓએ સ્નેચીંગ કરી મેળવેલ મોબાઇલફોનો અંગે વણશોધાયેલ બાકીના ગુનાઓ અંગે તપાસ જારી છે અને આ સિવાય બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.



## રખિયાલ પોલીસ સ્ટેશન :

## મુસાફરોને પેસેંજર તરીકે રીક્ષામા બેસાડી નજર ચુકવી મોબાઇલ ફોન તેમજ ચીજવતુ ની ચોરી કરનાર આરોપીઓને પકડી અટક કરતી રખિયાલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-ર સાહેબની સુચના મુજબ ઘરફોડ તેમજ સાદી ચોરી કરનાર આરોપીઓને શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંન્સ્પેક્ટર એમ.પી.પઠાણ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. એમ.વી.ભાટીયા તથા સર્વેલંસ સ્કોર્ડના સ્ટાફના માણસોએ રખિયાલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં -ફસ્ટ ગુ.ર.નં -૮૦/૨૦૧૯ ધી .ઇ.પી.કો કલમ -૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામના આરોપીઓ (૧) મુખ્તીયાર ઇશાભાઇ મિરઝા ઉવ ૪૦ રહે અપના નગર ના છાપરા મેલડી માતાના મંદીરની બાજુમા , એસ.ટી .વર્કશોપની સામે , બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ તથા (ર) પ્રકાશભાઇ રેવાભાઇ પરમાર ઉવ ૨૮ રહે રામ રહીમનો ટેકરો કેલીકોમીલની પાછળ વઢીયારી વાસ દાણીલીમડા અમદાવાદ મુળ ગામ ખારી વાવડી જી .પાટણ નાઓને તેમના કબજામાથી રીક્ષા નંબર જોતા જીજે .૦૧ .બીટી. ૯૯૫ તથા આ કામે ચોરીએ ગયેલ ફરીયાદીનુ એક કાળા રંગનુ એસર કંપનીનુ ટેબલેટ ફોન કીરૂ ૬૦૦૦ -/ની મતાનુ મળી કુલ્લે કી રુ ૩૬૦૦૦/- નો મુદામાલ કબજે કરી આરોપીઓ ને ગુનાના કામે તા .૦૮/૧૨/૨૦૧૯ ના કલાક ૦૧/૧૫ વાગે અટક કરી ગુનો ડીટેક્ટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.





**કૃષ્ણનગર** પોલીસ સ્ટેશન :

## તા.૦૭/૧૨/૨૦૧૯ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઇલ ચોર ઇસમને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૦૭/૧૨/૧૯ ના રોજ સાંજના સમયે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના **લોકરક્ષક વેલાજી હેમાજી** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ ખોડીયારનગર ચાર રસ્તા તરફથી ચાલતા-ચાલતા ઠક્કરનગર ચાર રસ્તા આવનાર છે જે ઇસમે શરીરે કાળા કલરની ટી શર્ટ તથા મેંદી કલરનું પેન્ટ પહેરેલ છે જે ઇસમ પાસે પેન્ટના ખિસ્સામાં OPPO કંપનીનો મોબાઇલ ફોન છે જે મો.ફોન સદરી ઇસમે છળ કપટથી અથવા ચોરી કરીને મેળવેલ છે જે ખોડીયારનગર ચાર રસ્તા તરફથી ચાલતા-ચાલતા આવતો હોય જે ઉપરોકત વર્ણન વાળો ઇસમ આવતો જણાઇ આવતા" જે બાતમી આધારે સદરી ઇસમને ઠક્કરનગર ચાર રસ્તા ખાતે વોચમાં રહી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી **ઓપો કંપનીનો 45-S મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI NO-869216046130052 જેમાં વોડા ફોન કંપનીનું સીમકાર્ડ નં-9687145097 નું તથા બીજી જીઓ કંપનીનું સીમ કાર્ડ નં-૮૪૬૦૯૦૪૦૩૫ ના હતા જેની કિ.રૂ.૫,૦૦૦/- નો મળી આવેલ** જે મો.ફોન ના આધાર પુરાવા બીલો માંગતા પોતાની પાસે ન હોય અને ગલ્લા-તલ્લા કરવા લાગેલ અને સદરીની પૂછપરછ માં આરોપીએ આજથી ચારેક દિવસ પહેલા ઠક્કરનગર ચાર રસ્તા પાસે સ્પર્શ દવાખાના નો મેડિકલ સ્ટોર માં સવારના પાંચેક વાગ્યાની આસ-પાસ ગયેલ અને મેડિકલની અંદર એક વ્યક્તિ સુતો હોય અને મેડિકલ સ્ટોર્સ ખુલ્લો હોય હું અંદર ગયેલ અને મેડિકલ ની અંદર ફ્રીઝ ઉપર ઉપરોકત ઓપો મો.ફોન ચાર્જીંગમાં પડેલ જે લઇ ચોરી કરી જતો રહેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૨૨૦/૧૯ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૦૭/૧૨/૨૦૧૯ ના ક.૨૦/૧૫ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૦૮/૧૨/૨૦૧૯

**<u>આરોપીનું નામ-સરનામુ</u>**:- રોનક સ/ઓ ભીખાભાઇ કાળુભાઇ જાતે પટેલ ઉ.વ.૨૨ ધંધો-મજુરી રહે,મ.નં-ડી/૭૩,ઇન્દ્રજીત સોસાયટી ધામીના કારખાના સામે ઠક્કરનગર અમદાવાદ શહેર મુળ રહે.ગામ-ઓડીયા તા.સાવરકુંડલા જીલ્લો-અમરેલી

**<u>આરોપીનો પુર્વ ઇતિહાસ</u>**:-

આ કામે આરોપી ધોરણ-૯ પાસ છે અને દ્વારકેસ કોમ્પ્લેક્ષ નિકોલ ખોડીયાર મંદિર ખાતે પોતાના સગા કાકા પ્રકાશભાઇની "ચા" ની કિટલી પર મજુરી કરે છે અને શરીરે હાથ ઉપર વાગેલુ હોય જેની દવા લેવા ગયેલ તે દરમ્યાન લાલચમાં આવી જતા આ ચોરી કરેલ જે ચોરી કરેલ મો.સાથે ઉપરોકત ગુન્હામાં પકડાયેલ છે

**<u>મુદ્દામાલ</u>** :- ઓપો કંપનીનો 45-S મોડલનો મોબાઇલ ફોન કિ.રૂ.૫,000/- ની મત્તાનો

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.પો.કોન્સ હિતેશ ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩

આરોપીનો ફોટો



# અપહરણ કર્તાની અટકાયત કર્યાની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## નારોલ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુનામાં સગીરબાળા ને શોધી કાઢી અપહરણકર્તા આરોપીને લુધિયાણા (પંજાબ) થી પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદાર ની આવી કોઇ રજુઆત ફરીયાદ મળે તો તાત્કાલીક ભોગબનનાર / આરોપી ને શોધી કાઢી કાર્યવાહી કરવા જરૂરી આપેલ સુચના તથા માર્ગદર્શન આધારે પો.ઇન્સ શ્રી એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશન દાખલ થયેલ ફ.ગુ.ર.નં. ૧૪૧/૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૩, ૪, ૫(એલ), ૬, ૮, ૯(એલ), ૧૦, ૧૧(૬), ૧૨ મુજબ ના ફરીયાદી ની સગીરવયની દીકરી ઉ.વ.૧૪ વર્ષ ૮ માસ ને આરોપી રામપુજારી ઉર્ફે સુકઇ બાબાદીન મોર્ય ઉ.વ.૨૧ રહે, સદર તથા ગામ – ઢેંસરા તા-જમુનહા જી-બસ્તી (ઉત્તરપ્રદેશ) નાનો તા.૧૩/૦૭/૧૯ ના બપોરના એકાદ વાગ્યા ના સુમારે લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયેલ જે અંગે આરોપી ના મોબાઇલ ફોન તથા અન્ય મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા લોકેશન આધારે અત્રે થી અમોએ હે.કો. જગદીશભાઇઉ સોમાભાઇ તથા ટીમના માણસોને લોકેશનવાળી જગ્યા પોકર પોઇન્ટ ફેઝ-૫ જવાહર ચોક લુધિયાણા (પંજાબ) નું મળતા સદર જગ્યાએ ટીમને ઝોન-૬ સાહેબની મંજુરી આધારે મોકલી આપતા લુધિયાણા (પંજાબ)થી સગીર બાળા ને શોધી કાઢી તેમજ આરોપી અપહરણકર્તા ને અત્રે લઇ આવતા તા.૦૮/૧૨/૧૯ ના ક.૧૩/૩૫ વાગ્યે પકડી પાડી અટક કરવામાં આવેલ અને અપહરણ કરેલ સગીર બાળાને શોધી કાઢી કાયદેસરની પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.



## નારોલ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુનામાં સગીરબાળા ને શોધી કાઢી અપહરણકર્તા આરોપી ને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદાર ની આવી કોઇ રજુઆત ફરીયાદ મળે તો તાત્કાલીક ભોગબનનાર / આરોપી ને શોધી કાઢી કાર્યવાહી કરવા જરૂરી આપેલ સુચના તથા માર્ગદર્શન આધારે પો.ઇન્સ શ્રી એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશન દાખલ થયેલ ફ.ગુ.ર.નં. ૨૧૫/૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૩, ૪, ૫(એલ), ૬, ૮, ૯(એલ), ૧૦, ૧૧(૬), ૧૨ મુજબ ના ફરીયાદી ની સગીરવયની દીકરી ઉ.વ.૧૫ વર્ષ ૮ માસ ને આરોપી રાહુલ પોપટભાઇ જનણેસા રહે, જેઠાભાઇની વાવ પાસે ઇસનપુર તેમજ મુળગામ દાંતીવાડા જી-બનાસકાંઠા નાનો તા.૦૧/૧૨/૧૯ ના ક.૦૯/૩૦ વાગ્યા ના સુમારી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયેલ જે અંગે આરોપી ના મોબાઇલ ફોન તથા અન્ય મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા લોકેશન આધારે આરોપી અપહરણકર્તા ની હકિકત મેળવી તા.૦૪/૧૨/૧૯ ના ક.૨૦/૧૫ વાગ્યે પકડી પાડી અટક કરવામાં આવેલ અને અપહરણ કરેલ સગીર બાળાને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# વિદેશી દારૂ કબ્જે કર્યાની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :

### કઠવાડા ગામ સીમ વિસ્તારના ખુલ્લા ખેતરમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ બોટલ નંગ- ૪,૧૨૮ કિંમત રૂપિયા ૧૮,૪૧,૭૬૦/- નો જથ્થો ઝડપી પાડતી "નિકોલ પોલીસ"

મે.પોલીસ મહાનિર્દેશક શ્રી અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી તથા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેરનાઓની આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડિવીજન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ અધિકારીશ્રીઓએ નિકોલ પોલીસ સ્ટેશનની વિઝીટ દરમ્યાન આપેલ સુચના આધારે દારૂ ની અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઈસમો અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ઘુસાડવા સારૂ નિકોલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પસાર થતા એસ.પી.રીંગ રોડનો શહેરી વિસ્તારમાં પ્રવેશ કરતા રસ્તાઓનો ઉપયોગ કરતા હોય તેવા નાકાઓ ઉપર પોલીસ ઈન્સ્પેકટર શ્રી નિકોલ પોલીસ સ્ટેશનનાઓએ નાકા બંધી પોઈન્ટોનું આયોજન કરેલ.

આજરોજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એચ.બી.ઝાલા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એચ.વી.છાસટીયા તથા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાકા બંધી પોઈન્ટોના આયોજન કરેલ હોય જે આયોજન સબબ નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દારમ્યાન પોલીસ કોન્સ્ટેબલ મહાવિરસિંહ સાહેબસિંહનાઓને બાતમી હકિકત મળેલ કે, "નિકોલ પોલીસ સ્ટેશન તેમજ તેની લગો-લગ આવેલ અમદાવાદ શહેરના તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ દારૂના ગુન્હામાં પકડાયેલ તેમજ નિકોલ પોલીસ સ્ટેશનના ગુન્હામાં નહિ પકડાયેલ આરોપી દેવેન્દ્ર ઉર્ફે બંશી S/o રામફુલસિંહ પરીહાર રહેવાસી: સોમા ટેક્ષટાઈલ્સ મીલની ચાલી નં-૨, સોમા ટેક્ષટાઈલ્સ મીલની બાજુમાં રખિયાલ રોડ, રખિયાલ, અમદાવાદ શહેર નાનો તેમજ અગાઉ જુદા જુદા પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં પકડાયેલ રાજુ ઉર્ફે ગેડી S/o રૂપચંદ સિંધી રહે: પાણીની ટાંકી પાસે, બગીચા પાછળ, સરદારનગર, અમદાવાદ શહેરનાની સાથે મળી મોટા પાયે ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાજય બહારથી હેરા-ફેરી કરી કરાવી પોતાના મળતીયા ઈસમો મારફતે અવાવરૂ જગ્યાઓ તથા ખેતરોમાં દારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ ઉતારે છે. આગામી ૩૧ ડીસેમ્બર તહેવાર અનુસંધાને તેઓની અસામાજીક પ્રવુતિ ચાલુ રાખશે" તેવી હકિકત મળેલ દરમ્યાન નિકોલ કઠાવાડા ગામ, ઠાકોરવાસના રહીશ વિનુજી દલાજી ઠાકોરનાઓ તરફથી હકિકત મળેલ કે, તેઓના શ્રીજી રેસીડન્સીના

પાછળના ભાગે આવેલ ક્રિશ ફાર્મની બાજુમાં આવેલ કબ્જા ભોગવટા વાળા તળાવ વાળા બિન પિયત ખેતરમાં ખાખી તેમજ સફેદ કલરના બોક્ષ પડેલ છે જે બોક્ષ માં દારૂ ભરેલ બોટલો છે.તેવી હકિકત આધારે સદર જગ્યાએ જઈ તપાસ કરતા જુદી જુદી કંપનીનો ભારતીય બનાવટ નો વેદેશી દારુ ભરેલ બોટલ નંગ- ૪,૧૨૮ ની કુલ્લે કિ.રૂ.૧૮,૪૧,૭૬૦/- નો જથ્થો મળી આવતા દેવેન્દ્ર ઉર્ફે બંશી S/o રામકુલસિંહ પરીહાર તથા રાજુ ઉર્ફે ગેડી S/o રૂપચંદ સિંધી તેમજ તેઓના મળતીયા માણસો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.